Summary

## શોધ નિબંધની રૂપરેખા

**'ગુજરાતી દલિત કથાસાહિત્યનો સમીક્ષાત્મક અભ્યાસ'**

ગુજરાતી સાહિત્યમાં આદિકવિ નરસિંહ મહેતાથી આરંભ કરીએ તો આજ સુધીમાં સ્વરૂપ પરત્વે અને વિષયવૈવિધ્ય સંદર્ભે વિપુલ સાહિત્ય સર્જાયું છે. ગુજરાતી સાહિત્યના યુગોનાં બદલાતાં જતાં પરિમાણો અને પ્રવાહોની તપાસ અનેક રીતે થઈ ચૂકી છે અને આજે પણ થઈ રહી છે. વીસમી સદીના આખરી તબક્કામાં સમાજ અને સાહિત્ય બંનેમાં ઘણી મોટી ઊથલપાથલ થતી જોવા મળે છે. એક છે નારી જાગૃતિ અને બીજી છે દલિત જાગૃતિ. ગાંધીયુગથી આ બંને ચેતનાનાં મૂળ નંખાયાં હતાં જે સાંપ્રત સમયમાં આંદોલનની હદ સુધી પહોંચ્યાં છે અને લગભગ દરેક ભાષાઓના સાહિત્યમાં એના ખાસ્સા પડઘા પડ્યા છે. ગુજરાતી દલિત કથાસાહિત્યમાં આ પરિવર્તનો કેવાં અને કેટલાં ઝીલાયાં છે તે આ શોધનિબંધનો વિષય છે.

પ્રથમ પ્રકરણના ચાર પેટા વિભાગોમાં ઈ.સ. પૂર્વેના સમયથી એટલે કે વૈદિકકાળથી ચાલતી આવતી સમાજવ્યવસ્થાના માળખાનો અભ્યાસ મેં રજૂ કર્યો છે. શાસ્ત્રોના આધારો આપીને ધાર્મિક લાગણીઓના સંદર્ભે શૂદ્રોની તત્કાલીન પરિસ્થિતિની નોંધ લેવાનો મારો પ્રયત્ન છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચાર વર્ગોની કાર્યવહેંચણી તપાસી શૂદ્રોની દયનીય, ઉપેક્ષિત સ્થિતિનો વાસ્તવિક ચિતાર આપ્યો છે. સમયના પ્રવાહમાં સતત ખૂણામાં ભરાતા જતા શૂદ્ર વર્ગ તરફની સમાજના અન્ય વર્ગોની વધતી જતી તોછડાઈ અને તિરસ્કારની વાતો કરતાં કરતાં ક્યાંક ક્યાંક ગણ્યાંગાંઠ્યા ભક્તો, પરમેશ્વરથી નાતો જોડવાનો પ્રયાસ કરતા સંતો અને સહાનુભૂતિભર્યા અભિગમને કારણે કેટલાક સુધારકવૃત્તિવાળા માણસોએ જે સેતુ રચવાના આછાપાતળા પ્રયાસો કર્યા તેની વાત કરવાનું પણ મેં ઉચિત માન્યું છે.

પ્રકરણ બીજાને મેં આઠ પેટાવિભાગોમાં વહેંચવાનું નક્કી કર્યું છે. દલિત કથાસાહિત્યની તપાસ કરવાનું મારું ધ્યેય હોવાથી આ શબ્દનાં મૂળ તપાસવાના આશયથી મેં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને મરાઠી શબ્દકોશોમાં દર્શાવાયેલા અર્થનો અભ્યાસ કર્યો છે. ભારતીય ભાષાઓમાં 'દલિત' સંજ્ઞાની વ્યાખ્યાઓ કેવી નોંધાઈ છે તે પણ મેં તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે. દલિત ચેતનાને સંકોરવામાં ભારતભરમાં બહુમૂલ્ય યોગદાન આપનાર વિભૂતિઓનો વિગતે અભ્યાસ કરી સમાજમાં ધીમે ધીમે આવી રહેલાં પરિવર્તનોનો આલેખ આપવાનો મારો પ્રયત્ન રહ્યો છે. 'દલિત સાહિત્ય' એટલે શું ? તે તપાસી દલિત આંદોલનને વેગ આપનારાં પરિબળો તથા એનાં પરિણામોની વાત કરી ભારતીય દલિત સાહિત્યની આછી રૂપરેખા આપી છે. જાગૃત થતી જતી દલિત ચેતનાએ ગાંધીયુગમાં કેવો આકાર ધારણ કર્યો અને તે સમયના સાહિત્યનાં સ્વરૂપોમાં એ સંવેદના કેવી રીતે પ્રતિબિંબિત થઈ તે અભ્યાસ વધુ વિગતે મેં રજૂ

કર્યો છે. આ ઉપરાંત દલિત આંદોલન પછી કથાસાહિત્ય સિવાયના અન્ય ગુજરાતી સાહિત્ય પ્રકારોમાં દલિત સંવેદના કેવી રીતે ઝીલાઈ છે અને કેવા ઉગ્ર પ્રત્યાઘાતો વર્ણવાયા છે તેની ગતિવિધિ મેં સદષ્ટાંત તપાસી છે.

ત્રીજા પ્રકરણમાં ગુજરાતી દલિત વાર્તાઓનો વિગતે સમીક્ષાત્મક અભ્યાસ રજૂ કર્યો છે. પ્રથમ વિભાગમાં ગાંધીજીના પ્રભાવને કારણે કેટલાક સર્જકોએ દલિત ચેતનાને વ્યકત કરતી અનેક નવલિકાઓનું સર્જન કર્યું છે. મેં આ વાર્તાઓને વિવિધ દ્રષ્ટિકોણથી તપાસીને મારાં તારણો આપ્યાં છે. બીજા અને ત્રીજા વિભાગમાં દલિત આંદોલન પછી સર્જાતા જતા સાહિત્યમાં દલિત ચેતનાના નિરૂપણમાં દલિત સાહિત્યકારોએ અને દલિતેતર સાહિત્યકારોએ કેટલી અને કેવી વાર્તાઓ આપી છે અને એમાં સંવેદનોની અભિવ્યક્તિમાં શું તફાવત છે એ મેં ઉદાહરણો સહિત તપાસ્યું છે. મારો આશય દરેક વાર્તાનો તલસ્પર્શી અભ્યાસ કરવાનો રહ્યો છે. એક જ વિષય-કેન્દ્ર ધરાવતી વાર્તાઓને મેં એક વિભાગમાં મૂકીને તુલનાત્મક દ્રષ્ટિએ તપાસી છે સાથે-સાથે ભાષાકર્મ અને રચનારીતિની વિવિધ પ્રયુક્તિઓનો સર્જકે કેવો વિનિયોગ કર્યો છે તે પણ મૂલગામી રીતે તપાસ્યું છે.

ચોથા પ્રકરણના પ્રથમ પેટા વિભાગમાં ગાંધીયુગની દલિતચેતના અભિવ્યકત કરતી નવલકથાઓનો અભ્યાસ કરી મારાં મંતવ્યો નોંધવાનો પ્રયત્ન કર્યો છે તો બીજા અને ત્રીજા પેટા વિભાગમાં દલિત આંદોલન પછીના સમયગાળામાં દલિત સર્જકો દ્વારા રચાયેલી નવલકથાઓ અને બિનદલિત સર્જકો દ્વારા સર્જન પામેલી નવલકથાઓનો અભ્યાસ કરી એના વસ્તુવિધાન, રજૂઆત, પરિવેશ અને બોલીપ્રયોગોની વિગતે ચર્ચા કરી છે. દલિત સર્જકો જ્યારે પોતાના સમાજની વાત કરે ત્યારે એના અંગત અનુભવો એમાં ભળે છે માટે અભિવ્યક્તિની તરાહો અને આક્રોશ કેવાં પરિમાણો રચી આપે છે તે પણ ઊંડા અભ્યાસનો વિષય બની જાય છે. મેં સમગ્રલક્ષી દ્રષ્ટિથી દલિત વસ્તુવિધાનવાળી નવલકથાઓનો અહીં અભ્યાસ રજૂ કર્યો છે.

ઉપસંહારના પાંચમાં પ્રકરણમાં સમગ્ર શોધનિબંધના વિષયનો સારાંશ આપી મારાં સ્વતંત્ર અને મૌલિક તારણો ટૂંકમાં દર્શાવ્યાં છે. ત્યાર બાદ અભ્યાસકાળ દરમિયાન મેં ઉપયોગમાં લીધેલાં પુસ્તકો, વિવેચનસંગ્રહો, સર્જનકૃતિઓ અને સામયિકોની સૂચિ વિગતે આપી મારા મહાશોધનિબંધને સમાપ્ત કર્યો છે.

રજૂ કરનાર

02-07-07

કાન્તિલાલ કરસનભાઈ માલસતર